THE WORLD FEDERATION
OF KHOJA SHIA ITHNA-ASHERI MUSLIM COMMUNITIES

# આયતુલ્લાહ સય્યદ અલી હુસૈની સીસ્તાની સાહેબ ના કોરોના વાયરસ વિશે સવાલોના જવાબો

બિસ્મિલ્લાહ હિર્રે રહમા નીર્રે રહીમ

અસ્સલામો અલયકુમ વરહમતુલ્લાહે વ બરકતોહ

**સવાલ ૦૧)** કોરોનાવાયરસ ના ફેલાવવાના સંજોગમાં, મોઅમીનોની શું જવાબદારી છે?

જવાબ ૦૧)

અ) મોઅમીનોએ અલ્લાહ (સુ.વ.ત.) પાસે ગીડ-ગીડાવીને દુઆ કરવી જોઈએ કે આપણા બધા ઉપરથી આ બલા અને મુસીબત દૂર થાય. ઉમ્મીદ છે મોઅમીનોની દુઆ અલ્લાહ (સુ.વ.ત.)દ્વારા કબુલ કરવામાં આવે છે.

બ) શક્ય હોય એટલું વધારે આરોગ્ય માર્ગદર્શકનું પાલન કરવું.

ક) બીજાને વાઈરસથી સુરક્ષિત રાખવા, તેમની મદદ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેમને વાયરસની અસર થઈ છે, શક્ય હોય ત્યાં સુધી તેમને તેમાંથી સાજા થવા માટે સહાયરુપ બનવું જોઈએ.

બેશક, અમુક સંજોગોમાં છેલ્લી બે જવાબદારીઓ વાજીબ થઈ જશે.

**સવાલ ૦૨)** ક્યારે અને કેવા સંજોગોમાં રોજની જમાત-નમાઝ અને નમાઝે જુમઆ વાજીબ અથવા મુસ્તહબ નહીં ગણાય?

જવાબ ૦૨) કોરોના વાઈરસને ફેલાવવાથી રોકવા માટે, જે પણ સ્થળોએ મજમા (ટોળું) માટે પ્રતિબંધ છે, ત્યાં તે પ્રતિબંધને ગંભીરતાથી લેવો આવશ્યક છે, અને જે પણ સ્થળોએ મજમા (ટોળું) માટે પ્રતિબંધ નથી (ભેગા થવા, હાજરી દેવા માટે) ત્યાં આરોગ્ય માર્ગદર્શિકાનું પાલન કરીને ભેગા થવામાં વાંધો નથી. અને જો કોઈને એવો ડર લાગે કે હાજરી આપવાના પરિણામે તેને કોરોના વાયરસથી ચેપ લાગી શકે છે અથવા તેને નુકસાન પહોંચાડી શકે છે અથવા તે કોરોના વાયરસ તેને મૃત્યુ તરફ દોરી શકે છે, તો તે વ્યક્તિએ હાજર રહેવાથી ટાળવું જોઈએ.

**સવાલ ૦૩)** અગર ડોક્ટરે એવી સલાહ આપી હોય કે ૧ થી ૨ મીટરનુ અંતર રાખવું, તો શું આ અંતર વચ્ચે જમાત-નમાઝ સહી ગણાશે?

જવાબ ૦૩) અગર નમાઝીઓ વચ્ચે આશરે એક મીટરનુ અંતર હોય તો તેની જમાત-નમાઝ સહી છે. પરંતુ અગર પહેલી સફના નમાઝીઓમાં આશરે ૨ મીટરનુ અંતર હોય અથવા પહેલી સફમાં પગની જગ્યાથી અને પાછળની સફમાં સજદગાહની જગ્યા વચ્ચે આશરે ૨ મીટરનુ અંતર હોય, તો બન્ને સફ માટે જમાત-નમાઝમાં ઈશ્કાલ છે. (એટલે કે તે એહતેયાતે વાજીબ પ્રમાણે જમાત-નમાઝ સહી નથી)

**સવાલ ૦૪)** અગર કોઈ મોઅમીન ઘરે મુલાકાત કરવા આવે તો શું તેને મુલાકાત માટે રોકી શકાય જ્યારે કે આપણને શક હોય કે તે કોરોના વાઇરસથી ઈન્ફેક્ટેડ છે?

જવાબ ૦૪) મોઅમીનને મુલાકાતથી રોકી શકવામાં વાંધો નથી પણ તે શરત સાથે કે તેનું અપમાન ન થાય અથવા તેની સાથે બે ઇઝ્ઝતથી વર્તવામાં આવે નહી.

**સવાલ ૦૫)** અગર કોઈ માણસ આરોગ્ય માર્ગદર્શિકાનું પાલન ન કરે, તો શું તે ગુનેહગાર ગણાશે? અને અગર તે બીજાને ચેપ લગાડે તો શું તે બીજી વ્યક્તિનું મેડિકલ એક્સપેન્સ એટલે કે તબીબી ખર્ચ નો ઝીમ્મેદાર ગણાશે? અને ખુદાના ખાસ્તા ચેપ લગાડવાના કારણે તે માણસનુ મૃત્યુ થઈ જાય તો શું તે દિય્યત દેવા માટે જવાબદાર છે? અથવા અગર બીજો માણસ કોરોના વાયરસના કારણે કામ ઉપર નથી જઈ શકતો, તો શું પહેલા માણસ ઉપર તેની રોજીંદી કમાણી ની ખોટ માટે જવાબદારી રહેશે ?

જવાબ ૦૫) આરોગ્ય માર્ગદર્શિકા ઉપર પાલન કરવું ખૂબ જ જરૂરી છે જ્યારે કે ડર હોય કે પોતાને કોરોના વાયરસનો ચેપ લાગશે અને કોરોના વાયરસથી પોતાને જાનનુ નુકસાન અથવા બીજું કોઈ નુકસાન થશે. એવા સંજોગોમા જયારે કે તેને ખબર હતી કે તેનાથી કોરોના વાયરસ ફેલાવવાની શક્યતા છે છતાં પણ તેને આરોગ્ય માર્ગદર્શિકાનું પાલન કર્યું નહિ ,તો તે માફીને પાત્ર નથી અને (તે મુજરીમ ગણાશે).

અગર કોઈ કોરોના વાયરસથી પોતે ઇન્ફેક્ટેડ છે અને બીજાને મળતી વખતે આરોગ્ય માર્ગદર્શિકાનુ પાલન નથી કરતો અને તે પહેલી વ્યક્તિ બીજી વ્યક્તિને ઈનફેક્ટ કરી દે, જયારે કે બીજા માણસ ને ખબર નથી કે પહેલો માણસ ઇન્ફેક્ટેડ છે, તો આ સંજોગોમાં પહેલો માણસ જેણે બીજા વ્યક્તિને ઇન્ફેક્ટેડ કરેલ છે તે દરેક નુકસાનની જવાબદાર પહેલા માણસ ઉપર રહેશે. અને અગર બીજા માણસની આ કારણે મૌત થાય, તો પહેલા માણસે તેને બ્લડ મની (દિય્યત) આપવું પડશે, અને જો પહેલા માણસે બીજા માણસને ઇન્ફેક્ટ કરી નાખે કે જે માણસ કોઈ કામદાર હોય અને તેની આજીવીકા તે કામ જ હોય, જેના કારણે તે કામ ઉપર નથી જઇ શકતો આ સારવારનો સમય તથા કામ કરવાની અસમર્થતા દરમિયાન જેટલુ નુકસાન થયું એટલું નુકસાન પ્રમાણભુત દર (સ્તાન્દર્દ રેટ) પ્રમાણે પહેલા માણસે બીજા માણસને આપવાનો રહેશે.

**સવાલ ૦૬)** ઈરાક, ઈરાન, સઉદી અરેબીયા અને સિરિયામાં મુસ્તહબ ઝીયારતો અને મુસ્તહબ ઉમરાહ અથવા વાજિબ અથવા હજમાં જવા માટે આપની શું સલાહ છે?

જવાબ ૦૬) જુઓ જવાબ નંબર ૦૨

**સવાલ ૦૭)** એક ઇન્સાન જયારે મૃત્યુ પથારી ઉપર હોય અને ડોકટરે ચેપના કારણે એવી સલાહ આપી હોય કે તેને સ્પર્શ નહી કરી શકાય, તો તવઝીહુલ મસાએલના મસઅલા નં-૬૫૬, ૬૫૭ મુજબ તેના વાજીબ અને મુસ્તહબ અમલનુ પાલન કઈ રીતે થઈ શકે?

**સવાલ ૦૮)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-૬૬૨ મુજબ મુસ્તહબ છે કે ઇન્સાનને તેની ઈબાદતની જગ્યા ઉપર લઈ જવામાં આવે , જયારે કે તે મૃત્યુ પથારી ઉપર અને તે ખુબજ પીડાદાયક સ્થિતિમાં હોય, જો તે માણસ કોરોના વાયરસથી ઇન્ફેક્ટેડ હોય તો તે મુસ્તહબ અમલ ક્યારે મકરૂહ અથવા હરામ બની શકે છે?

**સવાલ ૦૯)** શું કોરોના વાયરસથી ઈનફેક્ટેડ મરનાર વ્યક્તિને એકલા રાખવાની ના પાડવામાં આવશે?

**સવાલ ૧૦)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-664 મુજબ, જે માણસ મૃત્યુ પામેલ હોય,અને તે માણસ કોરોના વાયરસથી ઈનફેક્ટેડ હોય, તો શું તેનું મોઢું અને આંખનુ બંધ કરવું મુસ્તહબ છે?

જવાબ ૭, ૮, ૯, ૧૦:

અગર કોઇને ડર છે કે તેઓને કોરોના વાયરસથી ઇન્ફેકશન લાગશે અને નુકસાન થશે, તો પછી જે અમલ વાજીબ છે તે વાજિબ અમલ નહિ રહે, અને જે અમલ મુસ્તહબ અથવા મકરૂહ છે તે દરેક અમલને ટાળવા જોઈએ. આ સિવાય બીજું કાઇ હોય તો અમલને અંજામ આપી શકાય છે.

**સવાલ ૧૧)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-૭૦૬ મુજબ જે માણસની મૌત કોરોના વાયરસના ઇન્ફેકશનના કારણે થઇ હોય, અને તે મૈયતને ગુસ્લ દેવામાં અગર ગુસ્લ દેનારને  કોરોના વાયરસના ઇન્ફેકશનનો ડર હોય, તો શું તે મૈયતને તય્યમુમ આપી શકાય?

જવાબ ૧૧) હાં, અગર કોઈ જોખમ વગર ગુસ્લ દેવા માટે કોઈ પણ રસ્તો ન હોય અથવા સાધન ન હોય તો પછી મૈયતને તય્યમુમ આપી શકાય છે.

**સવાલ ૧૨)** અગર તય્યમુમ દેનાર  માણસને ડર હોય કે મૈયતને  કોરોના વાયરસના ઇન્ફેકશનના કારણે તય્યમુમ દેવુ નુકસાન કારક છે, તો તય્યમુમ દેનાર વ્યક્તિના હાથ અથવા ખુદ મૈયતના હાથ દ્વારા કેવી રીતે તય્યમુમ આપી શકાય?

જવાબ ૧૨) મૈયતને તય્યમુમ જે  આપે છે તેના હાથ વડે જ તય્યમુમ દઈ શકાય છે,અગર તય્યમુમ દેનાર વ્યક્તિને હાથના મોજા(ગ્લોઝ) પહેરયા વગર કોરોના વાયરસના ઇન્ફેકશનનો ડર છે, તો તય્યમુમ દેનાર વ્યક્તિ હાથના મોજા (ગ્લોવસ) પહેરીને મૈયતને તય્યમુમ આપી શકે છે.

**સવાલ ૧૩)** મૈયતને તય્યમુમ દેવુ વાજિબ છે પરંતુ તેમાં કોરોના વાયરસના ઇન્ફેકશનના લાગવાનુ ખુબ જ જોખમ છે તો શું તે મૈયતને ગુસ્લ અથવા તય્યમુમ આપ્યા વગર દફન કરી શકાય છે?

જવાબ ૧૩) મૈયતને તય્યમુમ દેવુ વાજિબ છે અને જો તેને કોરોના વાયરસના ઇન્ફેકશનના લાગવાનુ ખુબ જ જોખમ છે તો તે મૈયતને ગુસ્લ અથવા તય્યમુમ આપ્યા વગર દફન કરી શકાય છે.

**સવાલ ૧૪)** મૈયત ઉપર જે હુનુત દેવુ વાજીબ છે, અગર તે મય્યત અગર કોરોના વાયરસ ઇન્ફેકટેડ મૈયત હોય, શું તેને તવઝીહુલ મસાએલના મસઅલા નં-૭૨૮ મુજબ વાજિબ છે કે મૈયતને હુનુત દેવુ જોઈએ છે પરંતુ કોરોના વાયરસથી ઇન્ફેકટેડ મૈયત અને તેને હુનુત દેવુ શક્ય નથી તો શું તેને હુનુત આપ્યા વગર છોડી શકાય અને હુનુતમાં કપૂરના બદલે બીજો કોઈ ફેરબદલ છે?

જવાબ ૧૪) અગર તેમાં નુકસાન નો ભય હોય તો તેની કોઇ જરૂરત નથી કે તેમાં કોઇ ફેરબદલ નથી.

**સવાલ ૧૫)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-૭૫૫ અને ૭૫૭ ના સંદર્ભમાં શું એક કોરોના વાયરસથી ઇન્ફેકટેડ મૈયતને કોફીન (પેટી) ની અંદર રાખીને દફન કરી શકાય છે?

જવાબ ૧૫) મૈયતને કોફીન (પેટી) ની અંદર રાખવામાં કોઈ વાંધો નથી, અગર કોફીન (પેટી) ને જમીનની અંદર દફન કરવામાં આવે તો મૈયતને જમણી બાજુ એવી રીતે રાખવામાં આવે કે તેના આગળનો ભાગ કિબ્લા તરફ આવે.

**સવાલ ૧૬)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-૭૫૬ ના સંદર્ભમાં એહતેયાતે વાજિબ છે કે કોઈપણ મૈયતને કોલ્ડ સ્ટોરેજની અંદર ન રાખી શકાય, તો કોરોના વાયરસથી ઇન્ફેકટેડ મૈયતને દફન કરવું સલામત ન હોય ત્યાં સુધી કોલ્ડ સ્ટોરેજની અંદર રાખી શકાય?

જવાબ ૧૬) અગર દફનવિધિના વાજિબ અમલ થઈ શકે એમ હોય તો મૈયતને એટલી લાંબી મુદત સુધી કોલ્ડ સ્ટોરેજની અંદર રાખવામાં કોઈ વાંધો નથી. હકીકતમાં આવા કિસ્સાઓમાં તેને કોલ્ડ સ્ટોરેજની અંદર રાખવું જરૂરી છે.

**સવાલ ૧૭)** તવઝીહુલ મસાએલના મસઅલા નં-૭૫૮ ના સંદર્ભમાં જો કોઈની શીપ માં મૌત થાય, તો તે શીપ જ્યાં સુધી ઝમીન સુધી ન પહુચે ત્યાં સુધી તેની દફનવિધિમાં વિલંબ થવો જોઈએ, શું કોરોના વાયરસથી ઇન્ફેકટેડ મૈયતના વાજિબ અરકાનને અંજામ આપવા માટે જ્યાં સુધી કોરોના વાયરસનુ ઇન્ફેકશન કાબુમાં ન કરવામાં આવે ત્યાં સુધી દફનવિધિને લંબાવી શકાય?

જવાબ ૧૭) મૈયત ન સડી જતું હોય અને કોલ્ડ સ્ટોરેજની અંદર રાખવામાં કોઈ વાંધો ન હોય ત્યાં સુધી દફનવિધિને લંબાવવામાં કોઈ વાંધો નથી

**સવાલ ૧૮)** સ્થાનિકમાં અને દુનિયામાં જે ગેર મુસલમાન લોકો કોરોના વાયરસથી ઇન્ફેકટેડ છે તો તેમના પ્રત્યે આપણી શું જવાબદારી છે?

જવાબ ૧૮) તે લોકોને કોરોના વાયરસથી સાજા અને સારા કરવામાં મદદરૂપ થવું એ એક પ્રશંસનીય બાબત છે.

**સવાલ ૧૯)** બલા અને મુસીબત વિશે આપણી શું માન્યતા હોવી જોઇએ?

જવાબ ૧૯) આપણી માન્યતા એવી હોવી જોઈએ કે આ બલા અને મુસીબતની પાછળ એક ગહેરી હિકમત છુપાયેલી છે, પરંતુ તે હિકમત શું છે તેના વિષે આપણને ખબર નથી.

**સવાલ ૨૦)** આ બલા અને મુસીબતને દુર કરવા માટે આપ શું રૂહાની અમલ કરવા માટે ફરમાવો છો?

જવાબ ૨૦) આ બલા અને મુસીબતને દુર કરવા માટે કુરઆન એ કરીમની તીલાવત કરવી તેમજ તે દુઆઓને પઢવી જે આપણા માસૂમીન (અ.મુ.સ) અને એહલેબય્ત દ્વારા આપણને આપવામાં આવી છે.

અલ્લાહ દરેકને બુરાઇ અને આફતથી બચાવે.

વસ્સલામો અલયકુમ વ અલસ્સરીલ મોઅમેનીન વલ મોઅમેનાત વરહમતુલ્લાહે વ બરકતોહ.

૧૩ રજબ ૧૪૪૧ (૯ માર્ચ ૨૦૨૦)

ભાષાંતર કરનાર :

મૌલાના મુતુઝા કુરબાનઅલી ભુરાણી

મકબુલ ભાઈ અસીલ

ભાવનગર - ગુજરાત -ઇન્ડિયા